# જિમ સર્ભ | સમય સારો ચાલે છે, એટલે ઘડિયાળની જરૂર નથી પડતી!

**એક્ટિંગની દુનિયામાં પોતાની આગવી અદા, કટાક્ષ અને ડાયલોગ્સ માટે જાણીતા એક્ટર જિમ સર્ભ ફરી એકવાર ચર્ચામાં છે. 'રોકેટ બોય્ઝ'માં હોમી ભાભાનો રોલ કર્યા બાદ, જિમ રિસેન્ટલી રિલીઝ થયેલી વેબ સિરીઝ 'મેડ ઈન ઈન્ડિયા: અ ટાઈટન સ્ટોરી'માં ટાઈટન ઘડિયાળના ફાઉન્ડર ઝેર્ક્સીસ દેસાઈના રોલમાં ધમાકેદાર સકસેસ મેળવી ચૂક્યો છે.**



શોબાજ

**લોકો તારી એક્ટિંગની ખૂબ તારીફ કરી રહ્યા છે. કેવું લાગી રહ્યું છે?**

(હસતા હસતા) અરે, ખૂબ જ સરસ! આખો દિવસ 1980ના દાયકાના ચશ્મા પહેરીને ફરો અને પછી લોકો તેને પસંદ કરે, ત્યારે લાગે છે કે મહેનત વસૂલ થઈ ગઈ. મને ખુશી છે કે લોકોને ટાઈટનની આ સફર અને ઝેર્ક્સીસ દેસાઈનું પાત્ર ગમ્યું.

**રીઅલ લાઈફમાં ઘડિયાળના કેટલા શોખીન છો?**

પ્રમાણિકતાથી કહું? હું બિલકુલ 'વોચ ગાય' નથી! (મોટેથી હસે છે). મારી પાસે બે-ત્રણ ઘડિયાળો છે, જેમાંની એક મારા પપ્પાએ મને ગિફ્ટ આપી હતી. હું તેને માત્ર ત્યારે જ પહેરું છું જ્યારે મારે કોઈ સૂટ કે ફોર્મલ કપડાં પહેરીને કોઈ ખાસ ઈવેન્ટમાં જવાનું હોય. બાકી સામાન્ય દિવસોમાં મારો હાથ ખાલી જ હોય છે. મારો સમય સારો ચાલે છે, એટલે ઘડિયાળની જરૂર નથી પડતી!

**શું તને ડર નથી લાગતો કે ઈન્ડસ્ટ્રી તમને 'પારસી હિસ્ટોરિકલ ફિગર' તરીકે ટાઈપકાસ્ટ કરી દેશે?**

ના રે, બિલકુલ નહીં! શરૂઆતમાં જ્યારે હું 'નીરજા' કે 'પદ્માવત' કરતો હતો, ત્યારે લોકો કહેતા, 'ઓહ, જિમ તો માત્ર ગ્રે કે નેગેટિવ કેરેક્ટર જ ભજવી શકે છે. હવે લોકો કહેશે, આ તો માત્ર પારસી બાયોપિક જ કરશે. જુઓ, હું પોતે પારસી છું અને જો આ દેશે જોયેલા મહાન વિઝનરીઝની સ્ટોરી સ્ક્રીન પર લાવવા માટે ડાયરેક્ટર્સ મારી પાસે આવતા હોય, તો એ મારા માટે ગર્વની વાત છે.

**નસીરુદ્દીન શાહ સાથે સ્ક્રીન શેર કરવાનો અનુભવ કેવો રહ્યો?**

નસીર ભાઈ સાથે કામ કરવું એટલે એક્ટિંગની લાઈવ યુનિવર્સિટીમાં ભણવા જેવું છે. સિરીઝમાં જે.આર.ડી. ટાટા મારા મેન્ટર છે અને રિયલ લાઈફમાં પણ સેટ પર મારું અને નસીર ભાઈનું બોન્ડિંગ એવું જ હતું. તેઓ એટલા અદ્ભુત કલાકાર છે કે જ્યારે તેઓ સામે ઊભા હોય, ત્યારે તમારે માત્ર તેમને સાંભળવાના અને ઓબ્ઝર્વ કરવાના હોય છે, એક્ટિંગ આપોઆપ થઈ જાય છે.

**શું જિમ સર્ભ રીઅલ લાઈફમાં કુકિંગ કરી શકે છે?**

(કટાક્ષમાં હસતા) હું ઝેર્ક્સીસ દેસાઈ જેટલી પરફેક્ટ અકુરી તો નથી બનાવી શકતો, પણ હા, હું સ્ક્રેમ્બલ્ડ એગ્સ બહુ જ જોરદાર બનાવું છું! સેટ પર જ્યારે પણ ખાવાના સીન આવતા, ત્યારે મને ખરેખર બહુ ભૂખ લાગી જતી હતી કારણ કે સ્ક્રીન પર દેખાતું પારસી ભોજન ખૂબ સ્વાદિષ્ટ હતું.

**કોઈ એવા એલિમેન્ટ વિશે જણાવો જે શૂટિંગ વખતે દિલની નજીક રહ્યું હોય?**

અરે, આ સિરીઝનું મ્યુઝિક! ડિરેક્ટર રોબી ગ્રેવાલે 1980ના દાયકાની વાઈબ લાવવા માટે જૂના ગીતોનો જે ઉપયોગ કર્યો છે તે લાજવાબ છે. એક સીનમાં મારે દેવ આનંદ સાહેબનું આઈકોનિક ગીત 'હૈ અપના દિલ તો આવારા' ગાવાનું હતું. જ્યારે મને ખબર પડી કે આ ગીત ખરેખર શોમાં વપરાવાનું છે, ત્યારે હું તો બાળકની જેમ ખુશ થઈ ગયો હતો. મેં આખું ગીત મન મૂકીને ગાયું હતું.

**ઝેર્ક્સીસ દેસાઈના રોલમાંથી તને કયો બિઝનેસ લેસન શીખવા મળ્યો?**

ટાટા ગ્રૂપની એક ફિલોસોફી છે જે આ સિરીઝનો આત્મા છે. સિરીઝમાં એક ડાયલોગ છેઃ જો તમારે પ્રોસેસ અને પીપલમાંથી કોઈ એકને પસંદ કરવાનું હોય, તો હંમેશાં લોકોને પસંદ કરો, કારણ કે લોકો જ પ્રોસેસને આગળ વધારે છે. ટાઈટન આજે આટલી મોટી બ્રેન્ડ બની કારણ કે તેના ફાઉન્ડર્સે કર્મચારીઓને પોતાના પરિવાર ગણ્યા હતા. આ લેસન દરેક ફિલ્ડમાં લાગુ પડે છે.

**સિરીઝ ફ્રી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે તેના કારણે આટલો મોટો રિસ્પોન્સ મળ્યો છે?**

કારણ કે ટાઈટન માત્ર એક ઘડિયાળ નથી, પણ ભારતીયોની લાગણી છે. મિડલ ક્લાસ ઘરોમાં લગ્ન હોય, કોઈ પાસ થાય કે નિવૃત્ત થાય, ટાઈટન ગિફ્ટ આપવાનો એક આખો કલ્ચરલ ઈતિહાસ છે. લોકો આ સિરીઝ જોતી વખતે નોસ્ટાલ્જિક થઈ જાય છે. ભલે નીચે નાની એડ્સ આવતી હોય, પણ વાર્તા એટલી ઈમોશનલ અને સાચી છે કે લોકો તેના પ્રેમમાં પડી ગયા છે.

**પર્સનલ લાઈફમાં એવી કઈ વસ્તુ છે જેના માટે આતુરતાથી રાહ જોઈ હોય?**

(ખડખડાટ હસતા) પ્રમાણિકતાથી કહું તો... સારા સ્ક્રિપ્ટની! એક એક્ટર તરીકે અમારે ઘણી લોભામણી પણ કંટાળાજનક સ્ક્રિપ્ટ્સ વાંચવી પડે છે. જ્યારે કોઈ 'રોકેટ બોય્ઝ' કે 'મેડ ઈન ઈન્ડિયા' જેવી સ્ક્રિપ્ટ લઈને આવે, ત્યારે લાગે કે જાણે વર્ષોની પ્રતીક્ષાનો અંત આવ્યો. બાકી ખાવાના મામલે હું બિલકુલ રાહ નથી જોઈ શકતો, સ્વિગી કે ઝોમેટોવાળો જો 5 મિનિટ પણ મોડો પડે તો મારો 'ઝેર્ક્સીસ દેસાઈ' જેવો ગુસ્સો બહાર આવી જાય છે! ●

**જ્યારે કોઈ 'રોકેટ બોય્ઝ' કે 'મેડ ઇન ઇન્ડિયા' જેવી સ્ક્રિપ્ટ લઈને આવે, ત્યારે લાગે કે જાણે વર્ષોની પ્રતીક્ષાનો અંત આવ્યો. બાકી ખાવાના મામલે હું બિલકુલ રાહ નથી જોઈ શકતો**

# હવે સહન કરવાનો ટાઈમ ગયો, 'અબ હોગા હિસાબ'!

હેલો ગાય્ઝ! જો તમે વીકેન્ડ પર કંઈક એવું શોધતા હોવ જે તમને સોફા પરથી ઊભા થવા ન દે અને તમારા મગજના તાર હલાવી મૂકે, તો OTT પર એક નવો ક્રેઝી ઓપ્શન આવી ગયો છે 'અબ હોગા હિસાબ'. આજકાલ જ્યારે કોમેડી અને રોમેન્ટિક ડ્રામાનો ઓવરડોઝ થઈ ગયો છે, ત્યારે આ વેબ સીરીઝ ફૂલ-ઓન પાવરપેક્ડ એક્શન, માઈન્ડ ગેમ્સ અને જબરદસ્ત સસ્પેન્સનો ડાર્ક હાર્ડકોર ડોઝ લઈને આવી છે. તો ચાલો, આજે આ સીરીઝનું ઈન-ડેપ્થ પોસ્ટમોર્ટમ!

આ સીરીઝની સ્ટોરીલાઈન એકદમ સિમ્પલ પણ એટલી જ ઈન્ટેન્સ છે - બદલો! હા, સ્ટોરીના સેન્ટરમાં છે વર્ષો જૂનો વિશ્વાસઘાત અને અન્યાય. મુખ્ય પાત્રના પરિવાર સાથે ભૂતકાળમાં કંઈક એવું ખરાબ થયું હોય છે, જેનો સ્કોર સેટલ કરવા તે વર્ષો પછી પાછો ફરે છે. સીરીઝનું ટાઈટલ જ કહી દે છે કે ભાઈ, હવે સહન કરવાનો ટાઈમ ગયો, 'અબ હોગા હિસાબ!'


સ્ટોરીમાં માત્ર હવામાં ડિશૂમ-ડિશૂમ નથી, પણ પ્રોપર 'માઈન્ડ ગેમ્સ' રમાઈ છે. દરેક એપિસોડમાં પત્તાંના મહેલની જેમ રહસ્યો ખૂલે છે અને જે સ્પીડમાં પ્લોટ ટ્વિસ્ટ થાય છે તે જોઈને તમે કહેશો - 'ઓ ભાઈ, આ શું થઈ ગયું?' લેખકોએ દર્શકોને એવા જકડી રાખ્યા છે કે તમે ક્યારે 'બિન્જ-વોચ' મોડમાં આવી જશો એ ખબર જ નહીં પડે.

ટીવી જગતનો સુપરસ્ટાર શાહીર શેખ આ સીરીઝમાં મુખ્ય હીરો એટલે કે 'બોબી'ના રોલમાં છે. બોબી કેનેડાથી ડિપોર્ટ થઈને પંજાબ પાછો ફરેલો NRI છે. તે પોતાના નાના ભાઈ બંટીને ખૂબ પ્રેમ કરે છે અને તેને સારું ફ્યુચર આપવા માંગે છે. જ્યારે તેનો ભાઈ મુશ્કેલીમાં મુકાય છે, ત્યારે બોબી આખી સિસ્ટમ સામે એકલો લડવા તૈયાર થઈ જાય છે. શાહીરના કરિયરનો આ અત્યાર સુધીનો સૌથી ઈન્ટેન્સ અને એગ્રેસિવ રોલ છે.

અવિનાશ મિશ્રા આ સીરીઝ દ્વારા પોતાનું OTT ડેબ્યુ કરી રહ્યો છે. તે બોબીના નાના ભાઈ 'બંટી'ના રોલમાં છે. બંટી એક બિન્દાસ અને ખુલ્લા મનનો યુવાન છે, જે વિદેશ જવાના સપના જોતો હોય છે. પરંતુ તે પંજાબના એક શક્તિશાળી કિંગપિન (ગોલ્ડી સેખોન)ની જાળમાં ફસાઈ જાય છે અને રહસ્યમય રીતે ગાયબ થઈ જાય છે. તેના ગાયબ થવા સાથે જ સ્ટોરીમાં મોટો ટ્વિસ્ટ આવે છે.

ફ્રી વોચ

બોલિવૂડ એક્ટર સંજય કપૂર આ સીરીઝમાં મેઈન વિલન એટલે કે 'ગોલ્ડી સેખોન'નો નેગેટિવ રોલ ભજવી રહ્યો છે. ગોલ્ડી એક ખૂબ જ ક્રૂર, ઠંડા કલેજાનો અને પાવરફુલ ગુનેગાર છે, જે પંજાબમાં ઈલીગલ ઓર્ગન ટ્રેડિંગ (માનવ અંગોની તસ્કરી) અને ફેક ઈમિગ્રેશનનું મોટું રેકેટ ચલાવે છે. તે ભોળા યુવાનોને વિદેશ મોકલવાની લાલચ આપીને પોતાના ફાયદા માટે વાપરે છે.





**સ્ટોરીમાં માત્ર હવામાં ડિશૂમ-ડિશૂમ નથી, પણ પ્રોપર 'માઇન્ડ ગેમ્સ' રમાઈ છે. દરેક એપિસોડમાં પત્તાંના મહેલની જેમ રહસ્યો ખૂલે છે અને જે સ્પીડમાં પ્લોટ ટ્વિસ્ટ થાય છે તે જોઈને તમે કહેશો - 'ઓ ભાઈ, આ શું થઈ ગયું?**


બોલ્ડ અને બ્યુટીફુલ મૌની રોય આ સીરીઝમાં 'કામના'ના રોલમાં જોવા મળી છે. કામના એક અત્યંત સ્માર્ટ અને માઈન્ડ ગેમ્સ રમવામાં એક્સપર્ટ મહિલા છે, જે વિલન ગોલ્ડી સેખોનની સાથે આ ક્રાઈમ એમ્પાયરમાં જોડાયેલી છે. તે પોતાની બુદ્ધિ અને ચતુરાઈથી બિઝનેસ અને કાયદાકીય મુશ્કેલીઓને હેન્ડલ કરે છે. હરમન સિંઘા આ સીરીઝમાં એક પ્રમાણિક પોલીસ ઓફિસર 'ઈન્સ્પેક્ટર દોસાંજ'ના રોલમાં છે. તે પંજાબમાં થઈ રહેલા યુવાનોના રહસ્યમય ગાયબ થવાના કેસની તપાસ કરી રહ્યો હોય છે. તેની આ ઈન્વેસ્ટીગેશન તેને ગોલ્ડી સેખોનના કાળા સામ્રાજ્ય સુધી દોરી જાય છે.

આ સિવાય 'નિમ્રિત કૌર આહલુવાલિયા' અને 'આશિમા વર્ધન' પણ આ સીરીઝમાં મહત્વના રોલ જોવા મળ્યા.

આ સીરીઝનું ડિરેક્શન દિવ્યાંશુ મલ્હોત્રાએ કર્યું છે તે ખરેખર જોરદાર છે. ડિરેક્ટરે જે રીતે ડાર્ક શેડ્સ, શેડોઝ અને રિયલ લોકેશન્સનો ઉપયોગ કર્યો છે, તે આખી સીરીઝને ઈન્ટરનેશનલ લુક આપે છે અને હા, આ સીરીઝનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક તો કમાલ છે! સસ્પેન્સ સીન્સ વખતે જે મ્યુઝિક વાગે છે તે તમારા ધબકારા વધારી દેશે અને હોરર-થ્રિલર ફિલ્મો જેવી વાઈબ્સ આપશે.

આ ફેમિલી શો નથી, ક્રાઈમ અને રીવેન્જ ડ્રામા હોવાથી સીરીઝમાં થોડી હિંસા અને એગ્રેસિવ લેંગ્વેજ છે, એટલે પોપકોર્ન લઈને આખા પરિવાર સાથે જોવા બેસવું ટાળવું.

રેટિંગઃ 4/5 સ્ટાર્સ ●





# લોકઅપ સીઝન 2: અત્યાચારી જેલ, ડબલ ડ્રામા અને નેક્સ્ટ લેવલનો 'કલેશ'

યાદ છે પેલી જેલ? જ્યાં સેલિબ્રિટીઝના કીમતી કપડાં નહીં પણ એમને કેદીના યુનિફોર્મ પહેરાવી દેવામાં આવ્યા હતા? હા, આપણે વાત કરી રહ્યા છીએ કંગના રનૌતની અત્યાચારી જેલ 'લોક અપ'ની! સીઝન 1ના સુપર સક્સેસ અને મુનવ્વર ફારુકીની જીત બાદ, ફેન્સ ક્યારનાય લોકઅપ સીઝન 2ની રાહ જોઈને બેઠા છે. આજે આપણે વાત કરવાના છીએ કે જો લોક અપ સીઝન 2 અત્યારના ટ્રેન્ડ્સ અને નેક્સ્ટ લેવલના ડ્રામા સાથે પાછી આવી છે. તો બોસ, સીટ બેલ્ટ બાંધી લો, કારણ કે આ વખતે અત્યાચાર ડબલ થવાનો છે!

અપ કમિંગ

ધ અલ્ટીમેટ 'જેલર' ઈઝ બેક! જેલ ગમે તેવી હોય, પણ જો તેનો જેલર કંગના રનૌત જેવી 'બોલ્ડ અને બ્યુટીફુલ હોય, તો કેદીઓના પરસેવા છૂટવાના જ છે. કંગનાનું હોસ્ટિંગ એટલે કોઈ સુગર-કોટીંગ નહીં, સીધો 'ધબધબો'!

વીકેન્ડ પર જ્યારે કંગના હાથમાં ચાબુક લઈને આવે, ત્યારે ગમે તેવા સ્ટ્રોંગ કન્ટેસ્ટન્ટના પણ કન્ફેશન્સ બહાર આવી જાય.

આ આજના સમયનો શો છે, એટલે અહીં કોઈ પોલિટિકલ કરેક્ટનેસ ચાલવાની નથી. જે સાચું છે, એ મોઢા પર જ બોલાશે.

કોણ હોઈ શકે છે 'બિહાઈન્ડ ધ બાર્સ'? ફેન્સ સોશિયલ મીડિયા પર અત્યારથી જ પોતપોતાની વિશ-લિસ્ટ બનાવીને બેઠા છે. આજના સમયમાં જો શો હિટ કરવો હોય તો કન્ટેસ્ટન્ટ્સ પણ 'વાયરલ' મટીરિયલ હોવા જોઈએ. સંભવિત કેદીઓનો ટાઈપજેલમાં લાવવાનું કારણ એન્ટરટેઈનમેન્ટ વેલ્યુ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ રીલ્સ બનાવીને પબ્લિકનું માથું પકવવા બદલ છાસવારે થતા 'કલેશ' અને લાઈવ ડ્રામા વિવાદિત રિયાલિટી સ્ટાર્સ બીજા શોમાં અધૂરી રહેલી લડાઈઓ પૂરી કરવા 24/7 ચીસાચીસ અને મસાલો બોલિવૂડ-ટીવી સેલિબ્રિટીઝ જેમનું કરિયર હાલ 'લોક' થઈ ગયું છે, સિક્રેટ્સ ખોલીને સહાનુભૂતિ મેળવવી

'બદલા પૂર' અને OTT લાઈવ ફીડ આજના સમયના ઓડિયન્સને બધું જ 'ઈન્સ્ટન્ટ' જોઈએ છે. સીઝન 2 માં 24 કલાક લાઈવ ફીડ જોવાનો ક્રેઝ કંઈક અલગ જ લેવલ પર રહેવાનો છે. "જ્યાં સુધી લાઈવ કલેશ ન જુઓ, ત્યાં સુધી જમવાનું હજમ નથી થતું!"

'સ્પિલ ધ બીન્સ' લોક અપની સાચી USP તેના ટાસ્ક અને કેદીઓના પર્સનલ સિક્રેટ્સ છે. જેલમાંથી બચવા માટે કન્ટેસ્ટન્ટ્સે પોતાના જીવનના એવા રાઝ ખોલવા પડે છે, જે સાંભળીને નેટીઝન્સના હોશ ઊડી જાય.

આ વખતે ટાસ્ક માત્ર ફિઝિકલ નહીં, પણ મેન્ટલ ગેમ્સવાળા છે. ટાસ્ક જીતો તો જ લક્ઝરી આઈટમ મળશે, નહીંતર એ જ જેલનું સાદું ખાવાનું અને જમીન પર સૂવાનું! કેદીઓ સેવિંગ ઝોનમાં જવા માટે પોતાના કરિયર અને પર્સનલ લાઈફના જે 'કાંડ' શેર કરશે, તેનાથી ન્યૂઝ પોર્ટલ્સની હેડલાઈન્સ બનશે.

જો તમે હજી પણ વિચારતા હોવ કે આ શો કેમ જોવો, તો તેના કેટલાક મજેદાર કારણો અહીં છે.

લોકડાઉન કરતાં પણ ખતરનાક 'લોક અપ'!ટૂંકમાં કહીએ તો, લોકઅપ સીઝન-2 એ આજના સમયના ડિજિટલ ઓડિયન્સ માટે એક પરફેક્ટ એન્ટરટેઈનમેન્ટ પેકેજ છે. કંગના રનૌતનો પાવર, કન્ટેસ્ટન્ટ્સનો એટિટ્યુડ અને જેલના કડક નિયમો–આ બધું મળીને TRPના તમામ રેકોર્ડ તોડવા માટે તૈયાર છે. તૈયાર થઈ જાઓ આ અત્યાચારી ગેમનો હિસ્સો બનવા માટે, કારણ કે અહીં ગુનો પણ કેદીઓનો હશે અને સજા આપનારી પબ્લિક પણ સરપ્રાઈઝ થવા માટે તૈયાર બેઠી હશે! જેલના દરવાજા ખુલવાની બસ હવે રાહ છે! ●